# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી–૩૯૬૪૫૦

**વંચાણે :** અત્રેની કચેરીના પરિપત્ર નં.: નકૃયુ/વિશિનિ/ટી–૨/નકૃયુવેબ–૨૭/૨૦૧૩, નવસારી તા.૧૩/૩/૨૦૧૩

## પરિપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી હેઠળના તમામ યુનિટ/સબયુનિટ હેડને જણાવવાનું કે, યુનિવર્સિટીના વિવિધ વિભાગો દ્વારા અવાર–નવાર ખેડૂતોપયોગી કૃષિ સાહિત્ય જેવાં કે ફોલ્ડર, લીફલેટ, બુકલેટ, બુક વિગેરેનું પ્રકાશન કરવામાં આવે છે. ઉપરોકત વંચાણે લીધેલ પત્રાનુસાર દરેક કેન્દ્રો/વિભાગોએ કૃષિ સાહિત્યનું છાપકામ કરાવતા પહેલા યુનિવર્સિટી પ્રકાશન નંબર ફરજિયાતપણે મેળવી લેવાનો રહે છે. આમ છતાં કેટલાક વિભાગો દ્વારા આ પરિપત્રનું પાલન થતું નથી જે યોગ્ય નથી. હવેથી યુનિવર્સિટી પ્રકાશન નંબર અત્રેથી મેળવીને જ પ્રકાશન કરાવવું અન્યથા છપાવવામાં આવેલ સાહિત્યના બીલો પાસ થઈ શકશે નહીં.

વધુમાં માનનીય સરકારશ્રી તેમજ તેના અન્ય વિભાગો દ્વારા યુનિવર્સિટીએ તૈયાર કરેલ કૃષિ સાહિત્યની નકલો/માહિતી અવાર–નવાર માંગવામાં આવે છે. તો દરેક કેન્દ્રો/વિભાગોએ તા.૧/૪/૨૦૧૩ થી છપાયેલ કૃષિ સાહિત્ય જેવાં કે ફોલ્ડર/લીફલેટ વિગેરેની ૫૦ નકલ અને બુકલેટ/બુક વિગેરેની ૧૦ નકલ અત્રેની કચેરીમાં જમા કરાવવાની રહેશે.

ઉપરોકત પરિપત્ર માન. કુલપતિશ્રીની મંજુરીથી યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

જા. નં. નકૃયુ/વિશિનિ/ટી–૨/ ૩૬૨/૨૦૧૪
નવસારી તા.૦૮/૦૧/૨૦૧૪

**(જી.આર.પટેલ)**
**વિસ્તરણ શિક્ષણ નિયામક**

**<u>નકલ જયભારત સહ રવાના પ્રતિ</u> :**
વહિવટી–વ–હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તથા ઉપર મુજબ ઘટતું થવા સારું.